Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# 21મી સદીમાં ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓનો દરજ્જો

## Gandhi's Ideology of women status in 21st century

ડૉ.હસમુખ પંચાલ

મ.પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા. 9429732401,

hasmukhp13@gmail.com

**ટૂંકસાર -**

ભારતીય મહિલાના દરજ્જાની સુધારણા માટે 19મી સદીથી શરૂ થયેલા પ્રયાસોથી ઘણી મહિલાઓના સ્થાનમાં સુધારો થયો છે, તેમ છતાં મહિલા માટેની ઘણીખરી પરિસ્થિતિ જેવી ને તેવી રહેવા પામી છે. મહાત્મા ગાંધીજી એક એવા સમાજનું નિર્માણ કરવા ઇચ્છતા હતા જેની બુનિયાદ ન્યાય, સમાનતા અને શાંતિ પર આધારિત હોય. આ મહત્વપૂર્ણ ઉદ્દેશ્યની પ્રાપ્તિ હેતુ એ પરમાવશ્યક હતું કે સમાજના બે આધારભૂત અંગો – પુરુષ અને સ્ત્રી ની વચ્ચે સમાનતાના બધાં તત્વો સુનિશ્ચિત અને સુનિર્ધારિત હોય. દેશને સમન્વિત તથા શાંતિપૂર્ણ વિકાસ માટે આ લૈંગિક સમાનતા એ પૂર્વ નિર્ધારિત શરત છે. ગાધીજીએ મહિલાઓને ગૌરવાન્વિત કરતાં કહ્યું – " સ્ત્રી ઈશ્વરની સર્વોત્કૃષ્ટ કૃતિ છે, તે અહિંસાનો અવતાર છે, તથા પોતાના ધાર્મિક આગ્રહોના પરિપ્રેક્ષ્યમાં તે પુરૂષ જાતિથી કોસો આગળ છે ". 21મી સદીમાં ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓના દરજ્જા અંગે ચર્ચા કરી છે.

**કી વર્ડ :** ગાંધીજી, મહિલાનો દરજ્જો, મહિલાઓના હક્કો – અધિકારો ,પુરુષ અને સ્ત્રી સમાનતા.

### 1. પ્રસ્તાવના –

ભારત વિકસતો સમાજ છે. ભારતમાં જ્ઞાતિ, સંયુક્ત કુંટુંબ, લગ્ન, મૂલ્યો અને રિવાજોની પરંપરાનું પ્રાબલ્ય છે. પરંપરાથી ભારતીય સમાજ પિતૃપ્રધાન અને પુરૂષપ્રધાન રહ્યો છે. ભારતીય મહિલાની ઓળખ માત્ર દાંપત્ય જીવન પુરતી સીમિત નથી, પરંતુ તે સમગ્ર કુટુંબ, જ્ઞાતિ, વર્ગ અને સમુદાય સુધી વિસ્તરેલી છે. આથી ભારતમાં મહિલા દમનનાં મૂળ કુટુંબ, જ્ઞાતિ, વર્ગ અને સમુદાય તેમજ મૂલ્યો તથા રિવાજોની પરંપરામાં રહેલાં છે. ભારતીય મહિલાના દરજ્જાની સુધારણા માટે 19મી સદીથી શરૂ થયેલા પ્રયાસોથી ઘણી મહિલાઓના સ્થાનમાં સુધારો થયો છે, તેમ છતાં મહિલા માટેની ઘણીખરી પરિસ્થિતિ જેવી ને તેવી રહેવા પામી છે. મહાત્મા ગાંધીજી એક એવા સમાજનું નિર્માણ કરવા ઇચ્છતા હતા જેની બુનિયાદ ન્યાય, સમાનતા અને શાંતિ પર આધારિત હોય. આ મહત્વપૂર્ણ ઉદ્દેશ્યની પ્રાપ્તિ હેતુ એ પરમાવશ્યક હતું કે સમાજના બે આધારભૂત અંગો – પુરુષ અને સ્ત્રી ની વચ્ચે સમાનતાના બધાં તત્વો સુનિશ્ચિત અને સુનિર્ધારિત હોય. દેશને સમન્વિત તથા શાંતિપૂર્ણ વિકાસ માટે આ લૈંગિક

સમાનતા એ પૂર્વ નિર્ધારિત શરત છે. ગાધીજીએ મહિલાઓને ગૌરવાન્વિત કરતાં કહ્યું – " સ્ત્રી ઈશ્વરની સર્વોત્કૃષ્ટ કૃતિ છે, તે અહિંસાનો અવતાર છે, તથા પોતાના ધાર્મિક આગ્રહોના પરિપ્રેક્ષ્યમાં તે પુરૂષ જાતિથી કોસો આગળ છે ". 21મી સદીમાં ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓના દરજ્જા અંગે ચર્ચા કરવા પ્રસ્તુત પેપર તૈયાર કર્યુ છે.

**હેતુ** - 1. 21મી સદીમાં ભારતમાં મહિલાનો સામાજિક દરજ્જો જાણવો

2 21મી સદીમાં ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓનો દરજ્જો જાણવો

2. **સંશોધન પદ્ધતી** -

ઐતિહાસીક પદ્ધતી દ્વારા શોધ કાર્ય કર્યુ છે. દ્વિતિયક માહિતીનો ઉપયોગ શોધ કાર્યમાં કર્યો છે. અભ્યાસના પ્રથમ ભાગમાં વિષયવસ્તુ, બીજા ભાગમાં સંશોધન પદ્ધતી, ત્રીજા ભાગમાં વિશ્લેષણ અને ચોથા ભાગમાં સારાંશ દર્શાવેલ છે.

3.1 **21મી સદીમાં ભારતમાં મહિલાનો સામાજિક દરજ્જો –**

સમાજમાં વ્યક્તિનો કોઇ ને કોઇ દરજ્જો હોય છે. સમાજશાસ્ત્રની વ્યાખ્યા પ્રમાણે વ્યક્તિનો દરજ્જો એટલે સમાજમાં વ્યક્તિને મળતા હક્કો અને અધિકારો. આમ, દરજ્જો વ્યક્તિના હક્કો અને અધિકારો સૂચવે છે. જેઓ વધુ હક્કો – અધિકારો ભોગવે છે, તેઓ ઊંચા દરજ્જાવાળા ગણાય છે અને જેઓ ઓછા હક્કો – અધિકારો ભોગવે છે, તેઓ નીચા દરજ્જાવાળા ગણાય છે. આમ, " ઊંચો " કે " નીચો " એ રીતે દરજ્જાનું મુલ્યાંકન થાય છે. મહિલાના દરજ્જાનું મુલ્યાંકન પુરુષના દરજ્જાના સંદર્ભમાં કરવામાં આવે છે. એટલે કે ભારતીય સમાજમાં પરંપરાથી મહિલાઓના હક્કો – અધિકારો પુરુષની સરખામણીમાં ઓછા છે, પુરુષો મહિલાઓ કરતાં વધુ હક્કો – અધિકારો ભોગવતા આવ્યા છે. આપણે જ્યારે એમ કહીએ કે સંવિધાન અને કાનૂનમાં મહિલા અને પુરુષના દરજ્જા સમકક્ષ છે, ત્યારે એનો અર્થ એવો થાય છે કે મહિલા અને પુરુષના હક્કો –અધિકારો સમાન છે, તેમાં કોઇ અસમાનતા નથી.

પરંતુ સમાનતા કે અસમાનતાનો વિચાર તકોના સંદર્ભમાં કરવો જોઇએ. સમાનતા સહેલાઇથી ઓળખી શકાય એવી વસ્તુ નથી. સમાજમાં વ્યક્તિને મળતી તકોમાં અસમાનતા હોય તો સમાનતા સ્થાપી શકાય નહી. આથી દરજ્જાના ખ્યાલમાં વ્યક્તિને મળતા હક્કો – અધિકારો, તકો અને સ્વાયત્તતા એ ત્રણે અભિપ્રેત છે.

21મી સદીમાં દરજ્જાના સંદર્ભમાં એ બાબત પણ મહત્વની છે કે દરજ્જો આત્મલક્ષી અને વસ્તુલક્ષી એ બંને પાસાં ધરાવે છે. સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં મહિલાઓને જે માન, પ્રતિષ્ઠા કે ગૌરવ મળતાં હોય અથવા ન મળતાં હોય એનાથી મહિલા જે લાગણી અનુભવે છે, પુરુષ અને મહિલા વચ્ચેના ભેદભાવથી જે લાગણી અનુભવે છે, મહિલા પોતાની જાતને પુરુષથી નીચી ગણે છે કે સમકક્ષ ગણે છે તે અંગેની એની માનસિક સભાનતાની લાગણી, સમાજમાં મહિલાઓ વિશે જે ખ્યાલો પ્રવર્તે છે એના વિશે મહિલાની લાગણી વગેરે બાબતો મહિલાના

દરજ્જાનાં આત્મલક્ષી પાસાં છે. એટલે કે, પોતાના દરજ્જા વિશેનું મહિલાનું સ્વમૂલ્યાંકન એ મહિલાના દરજ્જાનું અગત્યનું પાસું છે, કારણ કે આવું સ્વમૂલ્યાંકન મહિલાનું વર્તન, વ્યક્તિત્વ અને જીવનશૈલી ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે.

મહિલાના દરજ્જાનાં વસ્તુલક્ષી પાસામાં મહિલાની આવક, શિક્ષણ, તકો, તાલીમ, આરોગ્ય, વ્યવસાય, શારીરિક – માનસિક વિકાસની સહાયક તથા અવરોધક પરિસ્થિતિઓ વગેરેનો સમાવેશ થાય છે. 21મી સદીનાં સમયમાં મહિલાના દરજ્જાનું મૂલ્યાંકન આવાં વસ્તુલક્ષી પાસાંને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

3.2 **21મી સદીમાં ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓનો દરજ્જો** -

આપણને એવો પ્રશ્ન થાય કે સ્ત્રી અંગે ગાંધીજીના સર્વાંગી વિચાર તથા સન્માનપૂર્ણ ભાવનો આધાર શું ? એટલે કે આ પવિત્ર ભાવના પલ્લવન, પુષ્પન તથા વિકાસ તેમનામાં ક્યારે અને કઇ પરિસ્થિતિઓમાં પ્રગટ થયો ? આ પ્રશ્નના સમાધાન માટે આપણે ગાંધીજીના વ્યક્તિત્વ નિર્માણની પ્રારંભિક સમસ્યાઓ પર દ્રષ્ટિ કરીએ તો વિભિન્ન સ્ત્રીઓનાં વિભિન્ન રૂપોમાં તેમના જીવન તથા દર્શનને નિર્ણાયક રૂપથી પ્રભાવિત કર્યા છે. જે સ્ત્રીઓએ તેમના પર ઊંડી અસર કરી તેમાં તેમની માતા અને બહેનનું પ્રથમ અને મહત્વપૂર્ણ સ્થાન છે. ગાંધીજીએ પોતાની રચનાઓ અને ઉદાહરણોમાં પોતાની માતાનો સૌથી વધુ ઉલ્લેખ કર્યો છે. સત્યાગ્રહનો પ્રથમ અધ્યાય તેમણે પોતાની માતા પાસેથી જ શીખ્યો છે. વિવાહ પછી કસ્તૂરબા તેમના જીવનમાં આવ્યા. જેમણે તેમના ભાવિ વ્યક્તિત્વના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. એ જ રીતે આશ્રમવાસી બહેનોમાં મીરાંબેન અને અમૃત કૌરની સજગતા તથા પ્રતિબદ્ધતાથી તેઓ ઘણા પ્રભાવિત થયા.

સામાન્ય રીતે સ્ત્રીઓ પુરૂષોને તેમના પુરૂષોચિત ગુણોને માટે ચાહે છે. પણ ગાંધીજીની બાબતમાં એ વિધાન સાચું ન હતું. શ્રીમતી પોલાકે યોગ્ય જ કહ્યુ છે કે ગાંધીજીને તેમના પુરૂષોચિત ગુણો માટે નહીં પણ ધીરજ, પ્રેમ, દયા, ભક્તિ, મૃદુતા, સહનશીલતા અને ઊંડી શ્રદ્ધા જેવા સ્ત્રી સહજ ગુણો માટે અસંખ્ય સ્ત્રીઓ ચાહતી હતી. ગાંધીજીમાં સ્ત્રીનુ હ્રદય હતું. તેથી સ્ત્રીઓ પોતાના દિલની વાત વિના સંકે તેમને કહી શકતી હતી. ગાંધીજીમાં હિંદની સ્ત્રીઓએ પોતાના સાથી અને તારણહારનાં દર્શન કર્યા છે. સ્ત્રીઓનો આવો અખૂટ વિશ્ર્વાસ સંપાદન કરવાથી ગાંધીજી તેમની પાસેથી મહાન કામો કરાવી શક્યા. આ દેશમાં ગાંધીજીએ દેશના ઉત્થાન માટે જે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી તેમાં સ્ત્રી ઉન્નતિ પણ એક હતી.

1. **સ્ત્રી-પુરુષ સમાનતા –**

ગાંધીજી કહે છે કે સ્ત્રી માતા છે અને કરુણા, પ્રેમ તથા ત્યાગની મૂર્તિ છે. તે ઇશ્વરની સર્વોત્કૃષ્ટ કૃતિ અને અહિંસાનો આધાર છે. અહિંસા એટલે અસીમિત પ્રેમ. જેનો બીજો અર્થ છે કષ્ટ સહન કરવાની અસીમિત ક્ષમતા. મનુષ્યની માતા એટલે કે સ્ત્રીને છોડીને બીજું કોણ છે જે

આ ક્ષમતાને વધુ માત્રામાં પ્રદર્શિત કરી શકે. જ્યારે તે બાળકને ગર્ભમાં ધારણ કરે છે તથા નવ મહીના સુધી કોખમાં પાલન-પોષણ કરે છએ અને તેમાં જ કષ્ટમય સુખ પ્રાપ્ત કરે છે. ગાંધીજી કહે છે કે તેણે આ પ્રેમને ..... માનવતા સુધી વિકસિત કરી લેવો જોઇએ. તેણે ભૂલી જવું જોઇએ કે તે પુરુષ વાસનાનો લક્ષ્ય હતી અથવા થઇ શકે છે. આ પ્રકારે તે પુરુષની માતા, તેની નિર્માત્રી અને નિઃશબ્દ નેતાના રૂપમાં તેના બરોબર પોતાના ગૌરવપૂર્ણ સ્થાન ગ્રહણ કરશે. યુદ્ધોમાં ઉલઝેલી દુનિયાને પ્રેમ તથા શાંતિની કહાની શીખવાડવી તેનાથી જ સંભવ છે. પુરુષોએ એક સાજિશ દ્વારા સ્ત્રીઓને દબાવીને દુનિયાને નફરત તથા યુદ્ધમાં ધકેલી દીધા છે. હજારો વર્ષ પહેલા સ્ત્રીઓ પર આધિપત્ય શરૂ થઇ ગયું છે. માર્ક્સ કહે છે કે દુનિયામાં શોષણની શરૂઆત પુરુષ દ્વારા સ્ત્રીઓના શોષણથી થઇ છે.

ગાંધીજી કહે છે કે, સ્ત્રી-પુરુષ વચ્ચે જે ભેદો કુદરતે મુક્યા છે ને જેને નરી આંખે જોઇ શકાય છે એ સિવાય કશા ભેદ મને માન્ય નથી. બીજું સ્ત્રીઓના અધિકારો વિશે એકેય બાબતમાં હું જરાયે પડતું મેલવાને તૈયાર નથી. મારા મત પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઇ જાતની અસમાનતા રાખવી ન જોઇએ. દીકરા અને દીકરી વચ્ચે કોઇ જાતનો ભેદભાવ ન હોવો જોઇએ.

**2. સ્ત્રીઓની વિશિષ્ટતાની રક્ષા –**

ગાંધીજીના મત અનુસાર સમાનતાનો અર્થ એવો નથી કે જેમ આજકાલનાં સ્ત્રીવાદી માને છે. ગાંધીજી એ નથી ઇચ્છતા કે સ્ત્રીઓ પુરુષ જેવી થઇ જાય અથવા પુરુષોની જેમ શારીરિક શક્તિના પ્રદર્શનને જ જીવનનો મંત્ર માની લે. ગાંધીજી કહે છે કે સ્ત્રી-પુરુષ સમાનતાનો એ અર્થ નથી કે બંને સરખા વ્યવસાય કરે. પ્રકૃતિએ સ્ત્રી-પુરુષને એકબીજાના પૂરક બનાવ્યા છે. જેવી રીતે સ્ત્રી પુરુષના આકાર-પ્રકારના ભેદ છે તેવી જ રીતે તેમનાં કાર્યો પણ મર્યાદિત છે. એટલે કે જેવી રીતે સ્ત્રીને અંધારામાં અને દીનહીનદશામાં રાખવું ખરાબ છે તેવી જ રીતે પુરુષને કામ સોંપવાનું પણ તેના પર જુલ્મ કરવા બરાબર છે. ગાંધીજી ઇચ્છે છે કે પુરુષ પરિવાર માટે ભરણ-પોષણના સાધનો મેળવે છે અને સ્ત્રીઓએ બાળકોનાં લાલન-પાલન તથા ઘરેલું જરૂરિયાતોની જવાબદારી નિભાવવી. સ્ત્રીઓ મુખ્યરૂપે ઘરની ગૃહિણી હોય છે. નાનાં બાળકોની ઉત્તમ પરવરિશ તેમની મુખ્ય જિમ્મેદારી છે. સ્ત્રીઓના લાલન-પાલન વગર માનવતાનું અસ્તિત્વ ક્યારેય સંભવ નથી. આમ, દેશ માટે સ્વસ્થ, સુવિકસિત તથા સબુદ્ધ બાળકો તૈયાર કરવા એ પોતાની સ્ત્રી જાતિનું ઉત્તમોત્તમ યોગદાન છે.

**3. સ્ત્રી જ પુરુષની સાચી સાથીદાર –**

ગાંધીજી કહે છે કે સેવાના ધર્મકાર્યમાં સ્ત્રી જ પુરુષની સાચી મદદગાર અને સાથી છે. જે રૂઢિ અને કાયદાના ઘડતરમાં સ્ત્રી કશો હિસ્સો નહોતો ને જેને માટે કેવળ પુરુષ જ જવાબદાર છે. કાયદા અને રૂઢિના જુલમ નીચે સ્ત્રી કચડાતી આવી છે. અહિંસાના પાયા પર રચાયેલી જીવનની

યોજનામાં પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો અને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાનું ભાવિ નક્કી કરવાનો હક્ક સ્ત્રીને છે. પણ અહિંસક સમાજની વ્યવસ્થામાં જે અધિકાર કે હક્ક મળે છે તે કોઇને કોઇ ફરજ કે ધર્મના પાલનમાંથી ફલિત થાય છે. તેથી એ વાત પણ સ્વીકારવી જોઇએ કે સમાજમાં વર્તવાના કે વહેવાર કરવાના નિયમો સ્ત્રી અને પુરુષ બંને પરસ્પર સહકાર ને સમજૂતીથી નક્કી કરે. એ નિયમોના પાલનને માટે બહારની કોઇ સત્તાની જબરદસ્તી કામ ન આવે. સ્ત્રીઓ સાથેના પોતાના વર્તનમાં કે વહેવારમાં પુરુષોએ આ સત્યને પૂરેપુરું ઓળખ્યું નથી. સ્ત્રીને પોતાની મિત્ર કે સાથી ગણવાને બદલે પુરુષે પોતાને તેનો સ્વામી કે ધણી માન્યો છે. હિન્દુસ્તાનની સ્ત્રીઓએ આ હલકા દરજ્જા પરથી હાથ પકડીને ઉપર લેવાનો ખાસ અધિકાર સમાજનો છે.

**4. અસમાનતામાં સમાનતા –**

ગાંધીજી કહે છે કે એમાં શક નથી કે ક્યાંક ને ક્યાંક એક ચોક્કસ સ્થળેથી સ્ત્રી અને પુરૂષ બેઉનાં કાર્યક્ષેત્ર નોખા ફંટાય છે. મૂળ પાયે બેઉ એક છતાં એ વાત પણ એટલી જ સાચી છે કે આકારમાં બેઉ વચ્ચે ભારે ફેર પડી જાય છે. માતૃત્વનો ધર્મ જે મોટા ભાગની મહિલાઓ સદાકાળ સ્વીકારશે, તે એવા ગુણો માંગી લે જે પુરૂષને સારુ જરૂરી નથી. મહિલા સ્વભાવે કરીને જ નિવૃત્તિ પસંદ કરનારી છે, પુરૂષ ક્રિયાપરાયણ છે. મહિલા મૂળે ઘરની રાણી થઇને રહેનારી છે. પુરૂષ રોટી કમાનારો છે, મહિલા એની સાચવણી કરનારી અને રોટી વહેંચીને પીરસનારી છે. દરેક અર્થમાં એ પુરૂષજાતનું સંગોપન કરનારી છે. માનવજાતિનાં બચ્ચાંઓનું સંગોપન અને ઉછેર કરવાની કળા એ એનો ખાસ અને સુવાંગ અધિકાર છે. એના હાથના સંગોપન વગર માનવજાત રવડી જ મરે અને નાશ પામે. આમ મહિલા અને પુરૂષ વચ્ચે અસાંનતામાં પણ સમાનતા ના દર્શન થાય છે.

**5. સ્ત્રી એ દાસી નહીં પણ દેવી –**

ગાંધીજીના શબ્દો છે કે સ્ત્રી શારીરિક બળમાં પુરુષોની બરાબરી કરી શક્તી નથી પરંતુ, આધ્યાત્મિક બળ એ પુરુષોથી વધુ છે. તેથી જો સીતાની જેમ તેમની અંદર સતિત્વની જ્યોત જલતી હશે તો તે મધ્યરાત્રિમાં પણ નિર્ભય થઇને જ્યાં ચાહે ત્યાં એકલી જઇ શકે છે. સ્ત્રીઓ શરીરને શક્તિશાળી બનાવવાની જગ્યાએ આત્મા વધુ બળવાન બનાવે. ગાંધીજી કહે છે કે સ્ત્રીઓનું વાસ્તવિક આભૂષણ તેનાં ઉત્તમ ગુણ છે, તેની નિર્મળતા અને તેનું સતિત્વ છે. એટલે આત્માની પવિત્રતા વધુ મહત્વપૂર્ણ છે. ગાંધીજીએ સ્ત્રીઓને કહ્યું કે પોતાના શોખ અને મનની વાસનાના ગુલામ ન બનો. પુરુષોની દાસી બનવાની પણ કોઇ જરૂર નથી. જો પુરુષમાં દેવત્વ છે તો તેમની અંદર પણ દૈવીતત્વ રહેલું છે. તમારું હૃદય પુષ્પ ખીલશે તો તમે કોઇ ખાસ પુરુષના મનનાં મોહિત થવાને બદલે પૂરી માનવજાતિને પોતાના દૈવીતત્વથી મોહિત કરી દેશો. માટે પુરુષ દેવ છે તો સ્ત્રી તેની સમાન દેવી છે.

**6. અર્ધ નારીશ્વર તથા અર્ધ નરેશ્વર –**

ગાંધીજી પુરુષ અને સ્ત્રી બંનેને એકબીજાના અર્ધાંગ અથવા પૂરક માનતા હતા. રાષ્ટ્રકવિ રામધારી સિંહે લખ્યું છે – " ગાંધીજી પ્રત્યેક નરને "અર્ધનારીશ્વર" અને પ્રત્યેક નારીને "અર્ધનરેશ્વર" બનાવવા ઇચ્છતા હતા ". તેઓ સ્ત્રીઓને પુરુષોથી અલગ થઇને સ્વાયત્ત સ્ત્રી સમાજ બનાવે અથવા સમલૈંગિક સંબંધોને સ્વીકારે તેવું કદી ઇચ્છતા નહોતા. તેઓ સ્ત્રી-પુરુષની સાથે-સાથે રહેતા, પુરુષોના દ્રષ્ટિકોણમાં ગુણાત્મક બદલાવ ઇચ્છતા હતા. ગાંધીજીએ એક સભામાં કહ્યું કે – હું આશા રાખું છું કે આપ લોકોનો એ ઇરાદો નહીં હોય કે પશ્ચિમી દેશોની જેમ ભારતની સ્ત્રીઓ પણ પુરુષોથી બિલકુલ જ સ્વતંત્ર રહે. આ ઘટના ભારતની સંસ્કૃતિની નથી. તેઓ લગ્નને સ્ત્રીઓ માટે અનિવાર્ય બંધનના રૂપમાં સ્વીકાર કરતા નહોતા. તેઓ ઇચ્છતા કે બંને પોતપોતાના વ્યક્તિત્વ વિકસિત કરે. તેઓ તો એવી આદર્શ સ્થિતિની વકાલત કરતા હતા. જેમાં પુરુષ અને સ્ત્રી બંને બ્રહ્મચર્યનું પાલન કરે. જો શક્ય બને તો લગ્ન કરશો નહીં અથવા લગ્ન કરવા પડે તો બંનેનું મિલન બૌદ્ધિક તથા આધ્યાત્મિક મિલન હોવું જોઇએ. બંને એકબીજાના મુક્તિમાં સહયોગ કરો. તેમના બ્રહ્મચર્યનાં પ્રયોગને આ દિશામાં ઉઠાવેલ સમાનતાનું પગલું માનવું જોઇએ. તેઓ કહે છે કે સ્ત્રી વચ્ચે જે ભેદો કુદરતે મુક્યા છે અને જે નરી આંખે જોઇ શકાય છે એ સિવાય કશા બેદ મને માન્ય નથી.

**7. અધિકારની સમાનતા –**

ગાંધીજી કહે છે કે સ્ત્રીઓના અધિકારો વિશે એકે બાબતમાં હું જરાયે પડતું મેલવાને તૈયાર નથી. મારા મત પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઇ જાતની અસમાનતા રાખવી ન જોઇએ. દીકરા અને દીકરી વચ્ચે કોઇ જાતનો ભેદભાવ ન હોવો જોઇએ. દીકરીનો હિસ્સો દીકરાના જેટલો જ હોવો જોઇએ. જે પત્ની પ્રત્યે અન્યાયપૂર્વક વર્તતો હોય તેને તેનાથી છુટા રહેવાનો અધિકાર છે. બાળક ઉપર બંનેનો સરખો હક છે. મોટા થાય એટલે કાંઇ નહીં. પત્ની નાલાયક હોય ત્યારે તેનો હક ઊડી જાય છે. તેમ જ પતિ વિશે. સ્ત્રીએ પુરુષની સહભાગિણી છે, તેના સરખા જ મનવાળી છે. પુરુષની બધી પ્રવૃત્તિ સૂક્ષ્મતાએ જાણવાનો તેને અધિકાર છે. જેટલી છૂટ પુરુષ ભોગવે તેટલી જ તેને ભોગવાનો હક્ક છે અને જેમ પુરુષ પોતાના ક્ષેત્રમાં સર્વોપરી છે તેમ સ્ત્રી પોતાના ક્ષેત્રમાં છે. આ સ્થિતિ સ્વાભાવિક હોવી જોઇએ. એ કંઇ અક્ષરજ્ઞાનના પરિણામ નહીં હોય. અજ્ઞાનરૂપી અંધકૂપમાં ડુબેલા જડ પુરુષો પણ કૂડી પ્રથાને લીધે ન શોભી શકે, ન શોભાવી શકે તેવા અધિકારો સ્ત્રીઓ ઉપર ભોગવે છે. સ્ત્રીઓની આ દશાને લીધે આપણી ઘણી પ્રવૃત્તિઓ અડધે જઇ અટકી પડે છે. આપણા ઘણા કાર્યો પૂરા શોભી નીકળતા નથી. આ યુગમાં જ્યારે સ્ત્રી પુરુષના સમાન હક મનાય અને મનાવા જોઇએ ત્યારે બંનેની કિંમત પણ એકસરખી અંકાવી જોઇએ. પુત્ર જન્મથી એટલો હર્ષ શો ? પુત્રીના જન્મથી શોક શો ? બંનેને જીવવાનો સરખો અધિકાર છે. બંનેની હસ્તીથી જ જગત ચાલી શકે.

**8. સ્ત્રી-પુરુષ એક જ માનવવંશ –**

સ્ત્રીને સારું શું જરૂરી છે એનો નિર્ણય પ્રમાણભૂતપણે અંતે સ્ત્રીએ જ કરવો પડશે. ગાંધીજીનો પોતાનો અભિપ્રાય તો એવો છે કે મૂળ પાયે જેમ પુરુષ તેમ જ સ્ત્રી પણ એક જ માનવવંશ છે. તેમ તેમનો કાયદો પણ અંતે મૂળ એક જ હોવો જોઇએ. આભારૂપે તો સ્ત્રી પુરુષ બંને સરખા છે. બંનેમાં એક જ આત્મા વસે છે. બેઉ એક જ જીવન જીવે છે. એક જ જાતની શબ્દસ્પર્શાદિ લાગણીઓ અનુભવે છે. એકબીજાનું પૂરક છે. અકબીજાની સક્રિય સહાયતા વિના જીવી શકે નહીં. પ્રભુએ પુરુષ અને સ્ત્રી મળીને એક અખંડ અને પૂર્ણ ઘટમાળ બનાવી છે અને પ્રભુ પાસે તો બંનેનો દરજ્જો સરખો જ છે. ગાંધીજીનો આદર્શ એવો છે કે પુરુષ એ પુરુષ રહીને સ્ત્રી અને સ્ત્રી એ સ્ત્રી રહીને પુરુષ બને. પુરુષે સ્ત્રી થવું એટલે સ્ત્રીની નમ્રતા અને વિવેક શીખવો અને સ્ત્રીએ પુરુષ બનવું એટલે પોતાની ભીરુતા છોડી હિંમતવાળી અને બહાદુર બનવું. આમ, સ્ત્રી પુરુષ એક જ માનવવંશ છે.

**9. આર્થિક સમાનતા –**

ગાંધીજી કહે છે કે જે દોલત પતિ કમાય તેમાં પતિ-પત્ની બંને સરખા હકદાર છે. પતિ પત્નીની મદદથી જ કમાય છે. પછી ભલે પત્ની રસોઇ જ કરતી હોય. તે દાસી નથી, ભાગીદાર છે. પુરુષોને મજૂરીને માટે કલાકના હિસાબે જે મહેનતાણું આપવામાં આવશે તે જ મહેનતાણું સ્ત્રીઓને આપવામાં આવશે. સ્ત્રી પુરુષની વચ્ચે મજૂરીના દરમાં ફેરફાર હોય નહીં. પુરુષ સ્ત્રીઓ ઉપર જે ધણીપણું ભોગવતો આવ્યો તેનો અંત આ રચનાત્મક કાર્ય દ્વારા થઇ શકે. આપણે પુરુષો એ વાતનો સ્વીકાર ન કરીએ તો વાત જૂઠી છે. પરંતુ એથી જે પરિવર્તન જગત કરી રહ્યું છે તે અટકવાનું નથી જ. લાખો સ્ત્રીઓને ઘરબાર છોડી રોટી કમાવા નીકળવું પડતું હોય તો તે અજુગતું છે..... મહેનત મજૂરીમાં મૂળે કશું જંગલીપણું રહેલું જોતો નથી. કલ્પના મુજબની નવી સમાજરચનામાં સહુ પોતપોતાની શક્તિ મુજબ કામ અને દરેકને તેની મહેનતનું યોગ્ય મહેનતાણું મળશે. નવી રચનામાં સ્ત્રીઓ વખત નહીં પણ અમુક વખત કામ કરનારી હશે અને તેમનો મુખ્ય વ્યવસાય ઘરકુટુંબ સંભાળવાનો હશે. એ નવી રચનામાં હું બંદૂકને એક સ્થાયી અંગ તરીકે ગણતો નથી. તેથી પુરુષો માટે પણ તેના ઉપયોગને ઉત્તરોત્તર વધુમાં વધુ મર્યાદિત કરવામાં આવશે અને એક તાત્પૂરતી અનિવાર્ય બુરાઇ તરીકે સહન કરવામાં આવશે. પણ એ બૂરાઇનો ચેપ સમજીબૂજીને સ્ત્રીઓને નહીં લાગવા દઉં. જે દોલત જે કમાય તેમાં પતિ-પત્ની બંને સરખા હકદાર હોય. તે દાસી નથી, ભાગીદારણ છે. ગાંધીજી માનતા હતા કે આર્થિક આત્મનિર્ભરતા સ્ત્રી સશક્તિકરણ માટે જરૂરી છે. તેથી તેમ કહ્યું કે ઉત્તરાધિકાર તથા સંપત્તિ સાથે સંબંધિત ઘટનાઓમાં સ્ત્રીઓ પુરુષોના બરાબર અધિકાર સુનિશ્ચિત હોય. તેમણે સ્ત્રીઓને આર્થિક આઝાદી આપવાની પણ વકાલત કરી.

**10. સામાજિક-રાજકીય ભાગીદારી –**

ગાંધીજીએ સ્ત્રીઓને કહ્યું કે મંદિરે માળાજાપ કરવાને બદલે ચરખો કાંતીને દેશના સ્વરાજ તથા સ્વાવલંબનના યજ્ઞમાં યોગદાન આપો. તેમણે સાર્વજનિક જીવનમાં પણ સ્ત્રીઓની વ્યાપક ભાગીદારીની અપીલ કરી. સત્યાગ્રહ આંદોલન, દાંડીયાત્રા અને અન્ય સંઘર્ષોની સાથે સાથે રચનાત્મક કાર્યક્રમોમાં મહિલાઓના યોગદાનની તેમણે મુક્તરૂપે ગુણગાન કર્યા છે. તેમણે લખ્યું છે કે શરાબની દુકાનો અને વિદેશી વસ્ત્ર, સંસ્થાઓના ઘેરાવના કાર્યો મુખ્ય રૂપે સ્ત્રીઓએ જ કર્યા છે. સાઉથવર્ડ લખે છે કે ગાંધીજી દ્વારા અહિંસક જનસંઘર્ષમાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારીની વકાલત કરવી તેમની મૂળ અવધારણાના વિપરીત નથી કે સ્ત્રીઓ ઘરની પાલક-પોષક છે. પરંતુ તેમનો ખ્યાલ હતો કે સત્યાગ્રહ તથા અહિંસક સંઘર્ષમાં ભાગીદારી સુનિશ્ચિત કરી મહિલાઓ સંપૂર્ણ માનવતાના પાલક-પોષણની પોતાની જિમ્મેદારીને અને વધુ વિસ્તૃત તેમજ સુવ્યાપક કરે છે. ટૂંકમાં, ગાંધીજી માનતા હતા કે સ્ત્રીઓને પોતાના નિર્ણય જાતે કરવાની સ્વતંત્રતા હોય. કારણ કે પસંદગીની સ્વતંત્રતા વિના બધા પ્રકારની સ્વતંત્રતા તથા નૈતિકતાની વાતો બેઇમાની છે. મહિલાઓએ પુરુષ સમાન સામાજિક-રાજકીય ભાગીદારી નોંધાવી. ગાંધીજીએ સ્ત્રીઓને લડતમાં જોતરીને અને આશ્રમમાં તેમને સમાન હક અને સ્વતંત્રતા આપીને સ્ત્રીઓનું સમાજમાં કેવું સ્થાન હોવું જોઇએ તેનો ઉત્તમ નમૂનો રાષ્ટ્રને પૂરો પાડ્યો છે.

**11. શિક્ષણની સમાનતા –**

ગાંધીજી કહે છે કે સ્ત્રીઓને શિક્ષણ મળવું જોઇએ. તેમણે છોકરો અને છોકરીઓ માટે સમાન શિક્ષણ નું સમર્થન કર્યું. 1937 માં તેમની " બુનિયાદી રાષ્ટ્રીય શિક્ષણ યોજના " અંતર્ગત ગાંધીએ 7 થી 14 વર્ષના છોકરો અને છોકરીઓ બંને માટે મફત અને ફરજિયાત શિક્ષણ નો પ્રસ્તાવ મુક્યો. સાથે સાથે મહિલાઓ માટે અભ્યાસક્રમ માં એવી બાબતો ને સામેલ કરવાનો પ્રસ્તાવ મુક્યો કે જે મહિલાઓને તેમની ભાવી ભૂમિકા તથા માતૃત્વ અને ગૃહિણી માટે તૈયાર કરવા માં ઉપયોગી થઇ શકે. પરંતું 1937 સુધી આવતાં તેમણે પોતાના વિચારોમાં બદલાવ કરતાં એ બાબતનો પ્રસ્તાવ રાખ્યો કે ચોથા કે પાંચમાં ધોરણ સુધી તો છોકરો અને છોકરીઓ બંનેનો અભ્યાસક્રમ સરખો હોય તથા છઠ્ઠા ધોરણ પછી છોકરીઓના અભ્યાસક્રમ માં ગૃહવિજ્ઞાનને પણ સામેલ કરવું જોઇએ. મહત્વપૂર્ણ બાબત એ છે કે છોકરીઓના ઉચ્ચશિક્ષણ ના ઉદેશ્યને ધ્યાનમાં રાખીને " અખિલ ભારતીય મહિલા સંમેલન " ના પ્રયાસોથી વર્ષ 1932 માં લેડી ઇર્વિન સાયંસ કૉલેજના સ્થાપના થઈ. ગાંધીજીએ મહિલાઓને શિક્ષકના રૂપ માં પ્રાથમિકતા આપી અને 1931 માં "અખિલ ભારતીય મહિલા સંમેલન" મા આ આશયનો પ્રસ્તાવ પાસ કર્યો કે જ્યાં સુધી સંભવ હોય ત્યાં પ્રાથમિક અવસ્થામાં છોકરો અને છોકરીઓ બંને માટે મહિલા શિક્ષકોની નિયુક્તિને પ્રથમિકતા આપવી જોઇએ. આમ, યોગ્ય શિક્ષણ મેળવ્યેથી સમાનતા પ્રાપ્ત થશે.

**12. બધી કુરીતિઓનો અંત થાય –**

ગાંધીજી સ્ત્રીઓની સમગ્ર-મુક્તિ ઇચ્છનારા હતા. તેમણે દહેજપ્રથા, બાળવિવાહ, સતીપ્રથા,પર્દાપ્રથા, વૈધવ્ય એક અભિશાપ વગેરે તમામ કુરીતિઓ ના વિરોદ્ધ અવાજ ઉઠાવેલ. તેઓ દહેજ આધારિત વિવાહ ને વેપાર કહેતા. તેથી તેમણે લખ્યુ કે જો મારી પાસે મારા દેખરેખમાં કોઇ છોકરી હોતી તો હું તેને જીવનભર કુંવારી રાખવાનું પસંદ કરતો કેમ કે તેને કોઇ એવા વ્યક્તિને સોંપવી જો તેના અવેજમાં એક પૈસો પણ લેવાની અપેક્ષા રાખે. તેમણે દહેજપ્રથા ની સાથે સાથે જ્ઞાતિપ્રથાની નાબૂદી માટે પણ આંતરજ્ઞાતિય અને આંતરવર્ણીય વિવાહની વકાલત કરી હતી. તેઓ છોકરાં અને છોકરીની સહમતી વિનાના વિવાહના વિરોધી હતા. તેમણે બાળ લગ્નો નો પણ વિરોધ કરેલો. તેઓ માનતા હતા કે પુનર્વિવાહ નો જેટલો અધિકાર વિધુરોનો છે તેટલો જ અધિકાર વિધવાઓનો છે. અનૈચ્છિક વૈધવ્ય અભિશાપ છે. ગાંધીજી એ પર્દાપ્રથા ને બર્બરતાપૂર્ણ અને સમાજ માટે અહિતકારી ગણી છે. તેમણે આને સ્ત્રી પવિત્રતાની રક્ષક માનવાનો ઈનકાર કર્યો છે. તેથી તેમણે લખ્યુ કે પવિત્રતા એ સ્ત્રીઓને બાહરની મર્યાદાઓમાં જકડી રાખવાથી ઉત્પન્ન થવાની વસ્તુ નથી, તેની રક્ષા તેને પર્દની દીવાલથી ઘેરી ને કરી શકાતી નથી. તેની ઉત્પત્તી અને વિકાસ અંદરથી થવો જોઇએ. તેમણે વેશ્યાવૃત્તિને સ્ત્રીઓની બદતર હાલતનું શર્મજનક ઉદાહરણ માન્યુ અને તેનો નાશ કરવા ઘણા પ્રયત્નો કર્યા. તેથી તેમણે કહ્યુ કે સ્વરાજ્ય નો અર્થ પતિતો નો ઉદ્ધાર. તેમણે દેવદાસી પ્રથાને નૈતિક કોઢ અને ઇશ્વરની અવગણના ના રૂપમાં દર્શાવ્યુ. તેઓ કોઇપણ પરંપરાના આંધળા અનુકરણના વિરોધી હતા. તેમણે કહ્યું કે પરંપરાના સમુદ્રમાં ડુબકી લગાવવી સારી પણ તેમાં ડૂબી જવું એ આત્મહત્યા છે. જે રિવાજો પુરુષોને લાગુ થાય તે તમામ રિવાજો સ્ત્રીઓને પણ લાગુ પડે એમ સમદ્રષ્ટિ જરૂરી છે.

**13. ગાંધીનાં ચશ્માં –**

ગાંધીજીના સ્ત્રી સંબંધી વિચારોની જ્યાં પણ ચર્ચા થાય છે ત્યાં ગાંધીજીના તે ફોટો જરૂર છપાય છે જેમાં તેઓ છોકરીઓના ખભા પર હાથ રાખીને ફરવા નીકળે છે તથા પ્રાર્થના સભામાં જાય છે. આને પશ્ચિમના રંગમાં રંગાયેલ વિચારકની સાથે સાથે ભારતીય સંસ્કૃતિનાં ઠેકેદાર પણ એ જ રૂપમાં પ્રચાર કરે છે જાણે ગાંધી બુઢાપાની સાથે રાસ-રંગમાં ડૂબ્યા છે. એવા લોકો સામે સવાલ પણ ઉઠાવે છે કે ગાંધી છોકરીઓના ખભા પર હાથ રાખીને કેમ નીકળે છે છોકરાઓના ખભા પર કેમ નહીં ? આ લોકોએ એ સમજવાનું જરૂરી છે કે ગાંધીને છોકરી કે છોકરામાં કોઇ ભેદભાવ નહોતો. બંને સરખા આવકારને યોગ્ય છે.

આ સંબંધમાં શ્રી ભગવાનસિંહ લખે છે – "ભારતમાં દિકરાને જ બુઢાપાનો સહારો માનવામાં આવે છે. પરંતુ ગાંધીજીને જીવનના અંતિમ દિવસોમાં ચાલવા માટે આભા તથા મનુના ખભાનો સહારો લઇ આ સ્ત્રી વિરોધી સમાજને એ સંદેશ આપ્યો કે છોકરીઓ પણ

છોકરાઓની જેમ બુઢાપાનો સહારો બની શકે છે. છતાં જે રાષ્ટ્રપિતા (ગાંધી) ને સહારો આપી શકે એવી શક્તિને રાષ્ટ્રના નિર્માણમાં કેવી રીતે ઉપેક્ષિત કરી શકાય". ગાંધીજીએ કહ્યું હતું કે, "મારું જીવન એ જ મારો સંદેશ". તેથી સ્ત્રીઓની સાથે તેમણે જે જીવન જીવ્યા, તેને સમગ્ર રીતે જોતાં એમ કહી શકાય કે સ્ત્રી સશક્તિકરણના સંદર્ભમાં ગાંધીજીના વિચાર આજે પણ અનુકરણ કરવા યોગ્ય છે. જાતિય સમાનતા માટે ગાંધીના ચશ્મા ખૂબ ઉપયોગી છે. તેના માટે "સેક્સી રંગ" ના ચશ્માથી આપણે મુક્ત થવું પડશે.

ગાંધીજી કહે છે કે સ્ત્રી અને પુરુષની સમાનતાને હું માનનારો છું અને સ્ત્રી તેમજ પુરુષ બંનેને એકજાતના હક્ક હોય એ સિવાય બીજી રીતે વિચાર કરી શક્તો નથી.

**4.સારાંશ –**

21મી સદી માં સમગ્ર દુનિયાંમાં પુરુષ વર્ચસ્વ ના વિરોધમાં ઉભા થયેલ નારીવાદી આંદોલનથી સ્ત્રીઓની સ્થિતીમાં ઘણો સુધાર થયો છે. પણ હું એમ અવશ્ય માનું છું કે સ્ત્રી પુરુષની નકલ કરીને કે તેની સાથે સ્પર્ધામાં ઊતરીને જગતના હિતમાં પોતાનો ફાળો નહીં આપી શકે. પુરુષની સાથે એ દોડી તો શકશે, પણ તે પુરુષની નકલ કરવા જશે તો જે ઊંચાઇ સુધી ચડવાની પોતાની શક્તિ છે ત્યાં લગી ચડી નહીં શકે. સ્ત્રીએ તો પુરુષની પૂર્તિરૂપ બનવું રહ્યું છે. પુરુષ કરી જ ન શકે તે એણે કરવાનું છે. 21મી સદી માં કેટલીક મહિલાઓ જે પુરૂષો જેવી હેસિયત પ્રાપ્ત કરી લે તે પુરતુ નથી. નારી-મુક્તિ નો અર્થ એ નથી કે નારી વસ્ત્રોથી મુક્ત થઇ જાય કે ગર્ભ થી મુક્ત થઇ જાય. ખરેખર તો સ્ત્રીની સાચી મુક્તિ તો સ્ત્રી હોવામાં છે, તેના પોતાના માં છે. જો તે પોતાના પણાં નાં કેન્દ્રથી ઉતરીને પુરૂષ જેવા બનવાની સ્પર્ધામાં લાગી જશે તો વાત ખૂબજ હાસ્યાસ્પદ લાગશે. એટલા માટે "સ્ત્રી" , "સ્ત્રી" ની જેમ બની રહે ત્યારે તે સ્વતંત્ર, સમાનતા, સશક્ત તથા સન્માનનીય થઇ શકે છે. ગાંધીજીએ પુરૂષોની નકલ કરવા સામે સ્ત્રીઓને ચેતવી છે. તેમણે કહ્યુ છે કે, " પુરૂષોની ખામીઓની કે તેમની કેટલીક રીતભાતની નકલ કરવી એ સમાનતાનો અર્થ નથી. સ્ત્રીઓએ પોતાની પવિત્રતા, આત્મત્યાગ અને નિ:સ્વાર્થ પ્રેમ અને સેવામાં પુરૂષો પર દાખલો બેસાડવો જોઇએ. સમાનતા માટે કોઇએ એકબીજાની નકલ કરવાની જરૂર નથી " તેથી સમાનતાનો આદર્શ સ્ત્રી-પુરૂષ ને સમજાવતાં ગાંધીજી એ કહ્યું કે, " પુરૂષ એ પુરૂષ રહીને સ્ત્રી, અને સ્ત્રી એ સ્ત્રી સહીને પુરૂષ બને. પુરૂષે સ્ત્રી થવું એટલે સ્ત્રીની નમ્રતા અને વિવેક શીખવો અને સ્ત્રીએ પુરૂષ બનવું એટલે પોતાની ભીરુતા છોડી હિંમતવાળી અને બહાદુર બનવું " ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓનો સમાનતાનો દરજ્જો છે જે 21મી સદીમાં પણ આપણે સૌ એ માત્ર કાયદાકીય રીતે નહી પણ મનથી, સમજદારીથી, વૈચારીક રીતે સ્વીકારવો રહ્યો.

**સંદર્ભસૂચિ –**


1. જાની ગૌરાંગ (2013) આયનામાં સમાજ, રાજકોટ: ફૂલછાબ પ્રકાશન.
2. જોષી વિદ્યુત (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, અમદાવાદ: યુનિ.ગ્રંથ.બોર્ડ, ગુજરાત રાજ્ય.
3. ગાંધી મોહનદાસ (2012) મારા સ્વપ્નનું ભારત, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
4. ગાંધી મોહનદાસ (2012) ગ્રામ સ્વરાજ, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
5. ગાંધી મોહનદાસ(2014) સત્યનાપ્રયોગો અથવા આત્મકથા, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
6. ગાંધી મોહનદાસ (1940) ગાંધી વિચાર દોહન, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
7. પટેલ મગનભાઇ (2013) ગાંધીજીનું ધર્મદર્શન, અમદાવાદ: યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
8. મકનજી લલ્લુભાઇ (2005) સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
9. ભટ્ટ ઉષાબેન (1982) અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શક્તિ, (1920 થી 1947) અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટી.
10. चौधरी रविशंकर और सुधांशु शेखर(2014)गॉधी चिन्तन,जयपुर : आविष्कार पब्लिशर्स.